રાજ્યમાં ૨૬ અને ૨૭ એપ્રિલે કમોસમી વરસાદની શક્યતા

હિટવેવની સાથે કમોસમી વરસાદની આગાહી : ગુજરાત રાજ્યના કેટલાક ભાગોમાં વરસાદ તો કેટલાક ભાગોમાં ગરમીનું જોર વધવાની શક્યતાઓ છે

અમદાવાદ, તા.૨૩

એક તરફ હિટવેવની આગાહી સાથે હવામાન વિભાગે કમોસમી વરસાદની પણ આગાહી કરી છે. આગામી ૨ દિવસ હિટવેવની આગાહી કરી છે, અને તારીખ ૨૬ અને ૨૭ એપ્રિલ કમોસમી વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં પશ્ચિમ-ઉતર અને પશ્ચિમના પવન ફૂકાઈ રહ્યા છે. અને બીજી બાજુ વેસ્ટન ડિસ્ટર્બન્સ પણ સક્રિય થય રહ્યુ છે. રાજ્યમાં ધીમે ધીમે તાપમાન વધી રહ્યુ છે. અને બપોર થતા કાળઝાળ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. કે આગામી ૩થી ૪ દિવસમાં મહત્તમ તાપમાન ૨થી ૩ ડિગ્રી વધી શકે છે. જ્યારે મહત્તમ તાપમાન ૪૧થી ૪૩ ડિગ્રી પહોચી જવાનું અનુમાન કરવામાં આવ્યું છે. આ સાથે કચ્છમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. ૨૩ અને ૨૪ એપ્રિલના રોડ કચ્છમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે.

જે બાદ ૨૬ અને ૨૭ એપ્રિલના કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ૨૬ એપ્રિલના બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગરમાં થંન્ડર સ્ટોમ એક્ટિવિટી થશે. અને ૪૦ કિલોમીટરની ઝડપે પવન સાથે સામાન્ય વરસાદની સંભાવના છે.

૨૭ એપ્રિલના સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટા ઉદેપુર, ડાંગ, નવસારી, વલસાડ,ભાવનગર, બોટાદમાં થંન્ડર સ્ટોમ એક્ટિવિટી થશે. અને ૪૦ કિલોમીટરની ઝડપે પવન સાથે સામાન્ય વરસાદની સંભાવના છે. અંબાલાલ પટેલ દ્વારા પણ રાજ્યના હવામાનમાં પલટા આવવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. તેમણે મે મહિનાના બીજા અઠવાડિયાથી ભારે આંધી-વંટોળ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે.

રાજ્યમાં વિશિષ્ટ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. ઉનાળાની શરુઆતથી કમોસમી વરસાદ થઈ રહ્યો છે. જેના કારણે ખેડુતો પરેશાન થઈ રહ્યા છે. કૃષિ પાકને પણ નુકસાન થઈ રહ્યુ છે. હજી એપ્રિલના એન્ડમાં પણ કમોસમી વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. તો બીજી બાજુ મહત્તમ તાપમાન વધશે. જેના કારણે ગરમીનો પ્રકોપ પણ

રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ કક્ષાએ

નાગરિકો દ્વારા પ્રાપ્ત થયેલી સાડા પાંચ લાખથી પણ વધુ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો છે

ગાંધીનગર, તા. ૨૩

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરૂ કરાવેલા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ના દિશા દર્શનમાં રાજ્ય સરકાર દ્વારા સ્વાગત સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વાગત કાર્યક્રમ ૨૦૦૩ થી શરૂ થયો ત્યારથી અત્યાર સુધી ૨૦ વર્ષોમાં ૯૪.૬૭% ના સકસેસ રેશિયો સાથે સ્વાગત કાર્યક્રમમાં રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ કક્ષાએ નાગરિકો દ્વારા પ્રાપ્ત થયેલ કુલ ૬,૦૦,૬૪૨ ફરિયાદોમાંથી ૫,૬૮,૬૪૩ ફરિયાદોનું સફળતાપૂર્વક નિરાકરણ લાવવામાં આવ્યું છે.સ્વાગત ઓનલાઈન કાર્યક્રમે ગુજરાતમાં સુશાસનને પ્રોત્સાહિત કરવામાં મોટી ભૂમિકા ભજવી છે. રાજ્યના સામાન્ય નાગરિકો પોતાની ફરિયાદોની રજૂઆત સીધી જ મુખ્યમંત્રી સમક્ષ કરી શકે અને તેમની ફરિયાદોનું તાત્કાલિક નિવારણ કરી શકાય, તેવા ઉમદા ઉદ્દેશથી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩માં ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમ 'સ્વાગત' (SWAGAT- સ્ટેટ વાઈડ અટેન્શન ઓન ગ્રીવાન્સીસ બાય એપ્લિકેશન ઓફ ટેક્નોલોજી) ની શરૂઆત કરી હતી. દર મહિનાના ચોથા ગુરૂવારે આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવે છે, જેમાં મુખ્યમંત્રી પોતે જનતાની ફરિયાદો સાંભળે છે, અને તેની સમીક્ષા કરીને તેનું નિરાકરણ લાવે છે.

છેલ્લા બે દાયકામાં, સ્વાગત કાર્યક્રમે સરકાર અને જનતા વચ્ચેના અંતરને દૂર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. સ્વાગત કાર્યક્રમ શરૂ થયા પછીથી ગુજરાતના સામાન્ય નાગરિકોને તેમના પ્રશ્નોનું તાત્કાલિક સમાધાન મળી રહ્યું છે. ૨૦૦૩માં ગાંધીનગર જિલ્લામાં રહેતા અભેરાજભાઈ ગઢવીના કેસમાં, તેમના ૭/૧૨ના જમીન રેકોર્ડમાં તેમના બદલે અન્ય વ્યક્તિનું નામ છેતરપિંડીથી દાખલ કરવામાં આવ્યું હતું. આ માટે સંબંધિત અધિકારીઓ તરફથી તેમને ઘણી હેરાનગતિ પણ થઈ હતી. સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ શરૂ થયા પછી, તેઓએ પોતાની સમસ્યા સીધી તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સમક્ષ રજૂ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ માટે સંબંધિત જિલ્લા અધિકારીને પગલા લેવા જણાવ્યું હતું અને અભેરાજભાઈની ફરિયાદનો નિકાલ કરાવી આપ્યો હતો. તેઓએ સ્વાગત કાર્યક્રમના સફળ અમલીકરણ માટે મુખ્યમંત્રીશ્રીનો ખૂબ આભાર માન્યો હતો. ગુજરાત રાજ્યના આવા અનેક સામાન્ય નાગરિકોના લાંબા સમયથી પેન્ડિંગ પ્રશ્નોનું સ્વાગત કાર્યક્રમ દ્વારા સફળતાપૂર્વક નિરાકરણ લાવવામાં આવ્યું છે. માનનીય વડાપ્રધાનશ્રીએ કંડારેલી રાહ પરથી પ્રેરણા લઈને ગુજરાતના પ્રવર્તમાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે સ્વાગત કાર્યક્રમની બાગડોર સફળતાપૂર્વક સંભાળી રહ્યા છે. તેમના મક્કમ નેતૃત્વ હેઠળ સ્વાગત કાર્યક્રમ મારફતે રાજ્યના નાગરિકોની ફરિયાદોનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત, લોક ફરિયાદ કાર્યક્રમ પણ ચલાવવામાં આવે છે, જેમાં નાગરિકો સ્વાગત યુનિટ પર પોતાની ફરિયાદની અરજીઓ ઓનલાઈન નોંધાવે છે અને ત્યારબાદ આ અરજીઓ સંબંધિત અધિકારીઓને મોકલવામાં આવે છે. આ સાથે જ, વર્ષ ૨૦૨૧માં મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા WTC (Write to CMO- સીએમઓને લખો) ઓનલાઈન ગ્રીવાન્સ પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં આ પોર્ટલ મારફતે નાગરિકો પોતાની ફરિયાદો સીધી મુખ્યમંત્રીને શેર કરી શકે છે.

રાજ્યમાં કોરોનાના નવા ૨૨૭ કેસ નોંધાયા

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. આજે ૨૩ એપ્રિલના રોજ ગુજરાતમાં ૨૨૭ કોરોના કેસ નોંધાયા છે. આજે કોરોનાને કારણે એક પણ દર્દીનું મોત થયું નથી. આજે અમદાવાદમાં ૯૫, સુરતમાં ૨૫, વડોદરામાં ૨૫, સાબરકાંઠામાં ૧૬, મહેસાણામાં ૧૧, સુરત જિલ્લામાં ૧૦, વલસાડમાં ૭, ગાંધીનગર જિલ્લામાં ૬, નવસારીમાં ૬, રાજકોટ જિલ્લામાં ૪, ભાવનગરમાં ૩, વડોદરા જિલ્લામાં ૩, અમદાવાદ જિલ્લામાં ૨, આણંદમાં ૨, ભરુચમાં ૨, ગાંધીનગરમાં ૨, કચ્છમાં ૨, પંચમહાલમાં ૨, બનાસકાંઠામાં ૧, ભાવનગર જિલ્લામાં ૧, ગીર સોમનાથમાં ૧, મોરબીમાં ૧ કેસ નોંધાયો છે. આજે કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૧૮૭૯ પર પહોંચ્યો છે. જેમાંથી ૪ દર્દીઓ વેન્ટીલેટર પર છે અને ૧૮૭૫ દર્દીઓ સ્ટેબલ છે. આજે ૨૬૫ દર્દીઓ કોરાનાથી સાજા થયા છે.ગુજરાતમાં કોરોના રિકવરી રેટ ૯૯.૦૦ ટકા થયો છે. આજે ગુજરાતમાં કોરોનાને કારણે એક પણ દર્દીનું મોત થયું નથી. છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં દરરોજ ૩૦૦થી વધારે કેસ નોંધાઈ રહ્યાં હતા. આજે સતત બીજા દિવસે લાંબા સમય બાદ ગુજરાતમાં ૩૦૦થી ઓછા કેસ નોંધાયા છે. કોવિડના વધતા કેસો વચ્ચે કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે ૮ રાજ્યોને પત્ર લખ્યો છે. તેમણે સર્વેલન્સ વધારવા, ILI અને SARI દર્દીઓ પર નજર રાખવા, પર્યાપ્ત સંખ્યામાં પરીક્ષણ કરવા, જિનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવેલા સેમ્પલની તપાસ કરવા અને હોસ્પિટલ ઈન્ફ્રા સુધારવા માટે સૂચનો આપ્યા છે.

આ ૮ રાજ્યોમાં ઉત્તર પ્રદેશ (૧ જિલ્લામાંpositivity દર ૧૦% કરતાં વધુ છે), તમિલનાડુ (૧૧ જિલ્લામાં positivity દર ૧૦% કરતાં વધુ છે), રાજસ્થાન (૬ જિલ્લામાં positivity દર ૧૦% કરતાં વધુ છે), મહારાષ્ટ્ર (૮ જિલ્લામાં positivity દર ૧૦% છે) કરતાં વધુ), કેરળ (૧૪ જિલ્લામાં positivity દર ૧૦% કરતાં વધુ), કર્ણાટક હરિયાણા (૧૨ જિલ્લામાં positivity દર ૧૦% કરતાં વધુ) અને દિલ્હી ૧૧ જિલ્લામાં પોઝિટિવિટિ દર ૧૦% કરતાં વધુ) સામેલ છે.

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર ખાતે વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે આઝાદીના અમૃત મહોત્સવ પર્વની ઉજવણીના ભાગરૂપે વિશ્વ પુસ્તક દિવસ અને કોપીરાઈટ દિવસની ઉજવણી અંતર્ગત ગ્રંથ પૂજન અને ગ્રંથોનું પ્રદર્શન યોજાયુ હતુ. આ કાર્યક્રમનું આયોજન નિયામક ગ્રંથાલય ડૉ. પી.કે. ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ આ સંસ્થાના ગ્રંથપાલ ગોવિંદભાઈ રાવળ અને સંસ્થાના મદદનીશ ગ્રંથપાલ આર.એન. વાઢેર દ્વારા યોજાયુ હતુ. આ પ્રસંગે ગ્રંથાલયના વાચકસભ્યો ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહેલ અને બહેનોએ ગ્રંથોનું પૂજન કરેલ તથા નિયામક ગ્રંથાલય ડૉ. પી.કે. ગોસ્વામીએ પુસ્તકોનું મહત્વ સમજાવેલ. તેમણે તેમના પ્રવચનમાં જણાવેલ કે લોકમાન્ય તિલકના જણાવ્યા પ્રમાણે 'હુ નરકમાં પણ સારા પુસ્તકોનું સ્વાગત કરીશ કેમ કે આ પુસ્તકોમાં એટલી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે' તે રીતે રિચાર્ડ ડી. બરીના મતે 'પુસ્તક એ એક એવો શિક્ષક છે કે જે સોટી માર્યા વગર, કડવા વચન કે ક્રોધ વગર, દાન દક્ષિણા લીધા વગર જ્ઞાન આપે છે' આમ વ્યક્તિના સર્વાંગી વિકાસમાં પુસ્તકોનો મહત્તમ ફાળો છે.

બાઈક પાછળ બેઠેલા રાજસ્થાનના વેપારીને આવ્યો હાર્ટ એટેક

સુરત, તા.૨૩

રાજ્યમાં થોડા થોડા દિવસે અચાનક હાર્ટ એટેકને કારણે યુવાનોના મોત નીપજી રહ્યા છે. ત્યારે સુરતમાંથી પણ આવી ઘટના સામે આવી રહી છે. સુરતના ખટોદરા વિસ્તારમાં બાઈક પાછળ બેઠેલા ૪૨ વર્ષના કાનજીસિંહ રાજપુત નામના વ્યક્તિનું મોત નીપજ્યું છે. આ વ્યક્તિ ત્રણ દિવસ પહેલા જ રાજસ્થાનથી સુરત આવ્યો હતો. આ વ્યક્તિ રાજસ્થાનનો વેપારી છે જે સુરતથી કાપડ લઈને વેચતો હતો. આ દુર્ઘટના બાદ મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યો છે.

આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, રાજસ્થાનનો વેપારી કાનજીસિંહ રાજપુરત ત્રણેક દિવસ પહેલા જ સુરત આવ્યો હતો. તે સુરતમાંથી કાપડની ખરીદી કરીને રાજસ્થાનમાં વેચતો હતો. આ કાનજીસિંહ બાઈક પર પાછળ બેઠો હતો. આ દરમિયાન જ છાતીમાં દુખાવો થયો હતો અને હાર્ટએટેક આવ્યો હતો. જોકે, આ દુર્ઘટના બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમમાં લઈ જવાયો છે. પોસ્ટમોર્ટનો રિપોર્ટ આવ્યા બાદ જ આ વેપારીના મોતનું સાચું કારણ જાણી શકાશે.અડાજણ વિસ્તારમાંથી પણ અચાનક મોતનો કિસ્સો સામે આવ્યો છે. જેમા અડાજણ વિસ્તારમાં રહેતા આઈસ્ક્રીમના આધેડ વેપારીનુ મોત નિપજ્યું છે. આધેડ ફોન પર વાત કરી રહ્યા હતા. જે બાદ સોફા પર ઢળી પડતા તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડી દીધા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા. આધેડ ઘરમાં આવ્યા તે પહેલા સોસાયટીમાં કોઈક સાથે વિવાદમાં તેમને ધક્કો મારતા તેઓ પટકાયા હોવાથી તેના કારણે તેમનું મોત નિપજ્યું હોવાનું જણાવવામાં આવ્યું છે.સુરતના કોસાડ ગામમાં ગયા સપ્તાહમાં જ આવી દુર્ઘટના સામે આવી હતી. દેમા નવજાત બાળકની છઠ્ઠીનો પ્રસંગ ચાલી રહ્યો હતો. જેના કારણે પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો. પરિવાર અને પિતા આ ખુશીને બમણી કરવા માટે ખુશીથી છલકાઈને મસ્તીમાં નાચી રહ્યા હતા.

ગાંધીનગરને પ્લાસ્ટીક મુક્ત કરવા પર્યાવરણ પ્રેમીઓ દ્વારા વિશેષ અભિયાન ચલાવવામાં આવે છે. પ્રકૃતિ પ્રથમ વિચાર થીમ સાથે ચાલતા આ અભિયાન હેઠળ ગાંધીનગરમાંથી પ્લાસ્ટીકનો કચરો દૂર કરાયો હતો.

ચાંગોદરમાંથી પ્રતિબંધિત દવાઓનો મોટો જથ્થો પકડાયો

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ જિલ્લાના ચાંગોદરમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ નાર્કોટિક્સ દ્વારા દરોડા પાડીને પ્રતિબંધિત દવાઓનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. મહત્વનું છે કે છેલ્લા ૬ મહિનામાં સેન્ટ્રલ બ્યુરો ઓફ નાર્કોટિક્સ દ્વારા કરવામાં આવેલા પ્રતિબંધિત દવાઓના કેસ મામલે વધુ તપાસમાં ચાંગોદરમાં પણ મોટી માત્રામાં ગેરકાયદેસર દવાઓ હોવાની માહિતી મળતા દરોડા પાડી ૨૦ કરોડ રૂપિયાની બજાર કિંમત ધરાવતી એક કરોડથી વધુ ટેલબેટનો જથ્થો કબ્જે કરાયો છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ટ્યુમરનું ઓપરેશન સફળતા પૂર્વક સંપન્ન

બાળકના મોઢાનો ૯૫% ભાગ ટ્યુમરથી ઘેરાયેલો હતો : આ ટ્યુમર મોઢાના અન્ય ભાગમાં પણ પ્રસરીને નુકસાન પહોંચાડી શકે તે પ્રકારનું અત્યંત સેન્સિટીવ ટ્યુમર હતું

અમદાવાદ, તા.૨૩

અરવલ્લી જિલ્લાના ખેડૂત દંપતી માટે પોતાના પાંચ મહિનાના બાળકને પીડા મુક્ત જોવું એક સ્વપ્ન માત્ર બની ગયું હતું. જન્મજાત બાળકના જડબામાં વિશાળકાય ટ્યુમર હોવાના કારણે બાળક ઘણી જ સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યું હતું. મોઢાનો ૯૫ ટકા ભાગ ટ્યુમરથી ઘેરાયેલો હોવાના કારણે માતાનું ધાવણ લેવામાં પણ બાળક સમર્થ ન હતું. જેના પરિણામે ડ્રોપર દ્વારા ટીપુ ટીપુ નાખીને ધાવણ આપવામાં આવતું હતું. બાળકના પિતા અલ્પેશભાઈ અને માતા દક્ષાબેન અગાઉ ખાનગી હોસ્પિટલમાં પણ આ ટ્યુમરની સારવાર અર્થે ગયા હતા. ત્યાં સર્જરી બાદ પણ સફળતા ન મળતા આ દંપતીએ આશાના છેલ્લા કિરણ સાથે અમદાવાદ સિવિલ હોસ્પિટલના દ્વાર ખટખટાવ્યા હતા.

અમદાવાદ સિવિલ મેડિસિટીની કેન્સર હોસ્પિટલમાં સૌપ્રથમ કિમો થેરાપીની એક સાયકલ આપીને આ ટ્યુમર દૂર કરવાના પ્રયાસો હાથ ધરાયા હતા. પરંતુ તેમાં પણ નિષ્ફળતા મળતા અંતે અમદાવાદ સિવિલ હોસ્પિટલનું બાળ રોગ સર્જરી વિભાગ જ હવે આ સમસ્યાનો સમાધાન હોવાનો વિકલ્પ બચ્યો હતો. સિવિલ હોસ્પિટલના બાળ રોગ સર્જરી વિભાગમાં જ્યારે આ બાળકને લાવવામાં આવ્યું ત્યારે તેનું સીટી સ્કેન કરતા જાણવા મળ્યું કે, બાળકના જડબાના ભાગમાં ૪X૪ સે.મીની વિશાળકાય ગાંઠ છે. શરીરના એવા કોષો કે જેમાંથી વિવિધ પેશીઓનું નિર્માણ થાય છે તેવી જગ્યાએ આ ગાંઠ હતી. જેને વૈજ્ઞાનિક ભાષામાં કોષોનું ટ્યુમર કહેવાય છે. જેને મેલેનોટિક્સ ન્યુરોએક્ટોડરમલ તરીકે ઓળખવામાં આવે છે.

કાર્નિવલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્પર્ધામાં ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ઉપસ્થિત રહેલા પ્રેક્ષકોને પણ ખૂબ મજા પડી હતી. આ ડોગ કાર્નિવલ 'Howdy Dogs'ના સહયોગથી ડોગ લવર્સ કુંજલ દાસ, ભૂમિ જોગાણી અને હેમા પંડિત દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આવી સ્પર્ધાઓ અમદાવાદમાં વધારે યોજાતી આવી છે જેનું આયોજન ગાંધીનગરમાં કરવામાં આવે તેવા વિચાર સાથે આ ત્રણ ડોગ લવર્સે ગાંધીનગરમાં ડોગ કાર્નિવલનું આયોજન કરીને અન્ય ડોગ લવર્સમાં ઉત્સાહ વધાર્યો છે અને આગામી સમયમાં ફરીથી આયોજન કરવામાં આવશે તેમ અખબારી યાદીમાં જણાવ્યુ હતુ.

આ પ્રસંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

આ કાર્નિવલમાં જે ફંડ એકઠું થશે તેનો ઉપયોગ સ્ટ્રીટ ડોગના હેલ્થ કેર માટે કરવામાં આવશે તેમ કુંજલ દાસે જણાવ્યુ હતુ. સ્ટ્રીટ ડોગ માટે હેલ્ધી ખોરાક સહિતની વ્યવસ્થા કરવાનું આયોજન કરવામાં આવશે. આમ સૌ પ્રથમ વખત ગાંધીનગરમાં યોજાયેલ ડોગ કાર્નિવલને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો.

ટ્રાફિક જામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરંતુ હજુ પણ કેટલાક ઠેકાણે કામો પ્રગતિ હેઠળ છે આવા સંજોગોમાં ટ્રાફિકના યોગ્ય સંચાલનના અભાવે પણ સમસ્યા ઉભી થતી હોય છે. આજે પણ ઠેર ઠેર એવી જ સ્થિતિ જોવા મળી હતી એસ જી હાઈવે ઉપર પણ ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા વૈષ્ણોદેવી પાસે પણ ટ્રાફિક વધુ રહ્યો હતો. ત્યારે સામાન્ય રીતે રજાના દિવસોમાં આડા દિવસો કરતા ઓછો ટ્રાફિક હોય છે પરંતુ પરીક્ષાના લીધે માર્ગો પર ટ્રાફિક છલકાયો હતો. પરીક્ષા જેવા આયોજનને ધ્યાનમાં રાખી આગોતરી તૈયારી રાખવી જોઈએ તેવો પણ સુર ઉઠવા પામ્યો હતો.

૪૦.૨ ડિગ્રી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે આવા સંજોગોમાં બાગાયત પાકોને અનુલક્ષી ખેડુતોની ચિંતા વધી છે. બીજીતરફ દિવસ જતા ઉનાળાની ગરમી પણ આકરી બનશે તેમ પણ હવામાન તજજ્ઞો જણાવી રહ્યા છે. આગામી દિવસોમાં મહત્તમ તાપમાન ૪૪ થી ૪૫ ડીગ્રી સુધી પહોંચી જશે તેમ પણ હવામાન શાસ્ત્રીઓ જણાંવી રહ્યા છે. રાજ્યના વિવિધ ભાગોમાં હાલ ગરમીનો કહેર વધી રહ્યો છે. જ્યારે ગાંધીનગરમાં પણ હવે ગરમીની મોસમ નિખરી છે. ગરમીથી બચવા માટે નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે. જ્યારે સતત બદલાતા મોસમના મિજાજ વચ્ચે જન આરોગ્ય પણ પ્રભાવિત છે આવા સંજોગોમાં એકબાજુ કોરોના સંક્રમણથી બચવુ પણ અનિવાર્ય છે ત્યારે મોસમી બિમારીના પ્રકોપથી સાચવવા માટે પણ તબીબોએ વધુ પાણી પીવા ઉપરાંત ગરમીમાં લું થી બચવા માટે બને ત્યાં સુધી બપોરના સમયે ઘરની બહાર નહીં નિકળવા માટે પણ જણાંવ્યુ છે.

આત્મસમર્પણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અપીલ કરી છે. લોકોને કોઈપણ ફેક ન્યૂઝ શેર ન કરવા પણ અપીલ કરી છે. સૌથી પહેલા ૧૮ માર્ચે પોલીસે અમૃતપાલ સિંહ અને તેના સહયોગીઓને પકડવા માટે છટકું ગોઠવ્યું હતું. આ દરમિયાન પોલીસે તેના કેટલાક સાથીઓની પણ ધરપકડ કરી લીધી હતી પરંતુ અમૃતપાલ ભાગવામાં સફળ રહ્યો હતો. ત્યારથી પોલીસ તેને સતત શોધી રહી હતી, પરંતુ તે સતત પોતાનો વેશ બદલીને પોલીસથી બચી રહ્યો હતો. તેની સામે રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (દ્રજીછ)ની અરજી કરવામાં આવી છે અને બિનજામીનપાત્ર વૉરંટ પણ જાહેર કરવામાં આવ્યુ છે.

છેલ્લા કેટલાર દિવસોથી પંજાબમાં ભાગેડુ જાહેર થયેલા અને આખા દેશમાં વૉન્ટેડ ખાલિસ્તાની સમર્થક અમૃતપાલની પત્ની કિરણદીપ કૌરને ગુરુવારે (૨૦ એપ્રિલ) લંડન જતી વખતે અમૃતસર એરપોર્ટ પરથી પોલીસે અટકાયત કરી લીધી છે.

પ્રવાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૫૭૦ કિલોમીટરનું અંતર કાપશે. ત્યાં તેઓ નમો મેડિકલ કોલેજની મુલાકાત લેશે અને વિવિધ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આ પછી તેઓ દેવકા સીફ્રન્ટના ઉદ્ઘાટન માટે દમણ જશે, ત્યારબાદ તેઓ લગભગ ૧૧૦ કિલોમીટરનું અંતર કાપી સુરત જશે. સુરતથી પીએમ મોદી તેમના પ્રવાસ કાર્યક્રમમાં વધુ ૯૪૦ કિલોમીટર ઉમેરીને દિલ્હી પરત ફરશે. આ પાવર પેક્ડ શેડ્યૂલમાં પીએમ લગભગ ૫૩૦૦ કિલોમીટરની હવાઈ મુસાફરી કરશે. ઉલ્લેખનીય છે કે પીએમ મોદીની આ મુલાકાત લગભગ ૩૬ કલાકમાં પૂરી થશે. આ મુલાકાત દરમિયાન પીએમ મોદી પોતાના કાર્યક્રમો દ્વારા લોકોને સંબોધિત પણ કરશે.

જીવ ગુમાવ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમનું મોત થયાની વાત કહેવાઈ છે. આ ઘટના બની ત્યારે ઉત્તરાખંડ સિવિલ એવિએશનના સીઈઓ પણ ત્યાં હાજર હતા.

૨૫ એપ્રિલથી શરૂ થઈ રહેલી અમરનાથ યાત્રા માટે તૈયારીઓ પૂરી કરવામાં આવી રહી છે. ઉત્તરાખંડ સરકાર સતત આ દિશામાં કામ કરી રહી છે. તો, હેલીકોપ્ટર સેવાને લઈને પણ તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. હેલીપેડ પર જામેલા બરફને હટાવાયો છે. યુસીએડીએના અધિકારી હેલીપેડનું નિરીક્ષણ કરવા કેદારનાથ પહોંચ્યા હતા.

ટૂકડે-ટૂકડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અર્શદીપ સિંહે છેલ્લી ઓવરમાં ૧૬ રન બચાવીને પંજાબની ટીમને જીત તો અપાવી પણ આઈપીએલને લગભગ ૨૦ લાખ રુપિયાથી વધુનું નુકસાન થયું હતું. પ્રાપ્ત મીડિયા રિપોર્ટ મુજબ, એલઈડી સ્ટમ્પ અને જિંગ બેલ્સના એક સેટની કિંમત લગભગ ૪૦ હજાર ડૉલર એટલે કે લગભગ ૩૦ લાખ રુપિયા છે. અર્શદીપે એક બાદ એક સતત બે સ્ટમ્પ તોડી નાખી હતી અને આ સ્થિતિમાં બોર્ડને લાખો રુપિયાનું નુકસાન થયું હતું.

બદલી નાખ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાસપોર્ટમાં ધર્મ બદલીને યુકે જવાનો પ્રયાસ કર્યો હતો અને તેણે ફેમિલી પરમિટ વિઝા મેળવવા માટે ઉડાન ભરવાનો પ્રયાસ કર્યો હતો. તેણે માન્ચેસ્ટરમાં રહેતી એક મહિલાને પોતાની માતા પણ ગણાવી હતી.

બનાવની વિગતો એવી છે કે, આ યુવક મુંબઈ એરપોર્ટ પર ઈમિગ્રેશન અધિકારીઓના હાથે ઝડપાઈ ગયો હતો. પ્રાથમિક પૂછપરછ બાદ ઈમિગ્રેશનના અધિકારીઓને આરોપી વેજા નાગાજન મોઢવાડિયાને સહર પોલીસને સોંપ્યો હતો. પોલીસને આ યુવકની તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, ફેક નામથી પાસપોર્ટ બનાવવામાં મદદ કરનારા એજન્ટે તેના મોબાઈલમાંથી તમામ કોમ્યુનિકેશનની વિગતો અને તેની કોન્ટેક્ટ હિસ્ટ્રી ડિલીટ કરી દીધી હતી. જેથી જો આ યુવક ઝડપાઈ જાય તો પોતે પોલીસની જાળમાં ફસાઈ શકે નહીં.

આરોપી યુવક મોઢવાડિયાએ ૨૦૨૨માં ગુજરાતમાં એક એજન્ટ લખન ઓડેદરાનો સંપર્ક કર્યો હતો. આરોપી યુવક યુકે જવા માગતો હોવાથી તેણે એજન્ટનો સંપર્ક કર્યો હતો. તેણે એજન્ટનો સંપર્ક એટલા માટે કર્યો હતો, કારણ કે તે સામાન્ય ચેનલ દ્વારા વિઝા મેળવવા તેના માટે શક્ય નહોતું. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, એજન્ટે પહેલાં મોઢવાડિયા માટે ઈસબ આદિલ મોહમદસલીમના નામ પર ભારતીય પાસપોર્ટ માટે અરજી કરી હતી.

બાદમાં એજન્ટે મોઢવાડિયાને પોર્ટુગલના નાગરિક કોટ સાઈદાબાનુ અબ્દુલકાદીર સાથે સંપર્ક કરાવ્યો હતો. જેણે આરોપી યુવકને બ્રિટનના એક પરિવારની સાથે સંમતિ પત્ર મોકલ્યો હતો. જેમાં આરોપીને તેના પુત્ર તરીકે દર્શાવવામાં આવ્યો હતો અને વિઝા પરમિટ આપ્યા હતા.

શ્રીલંકાને મદદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવ્યું અને થોડા સમય પછી દૂર કરી દીધા. હવે જ્યારે શ્રીલંકા પર સંકટ આવ્યું ત્યારે કોણે મદદ કરી, કોણ આગળ આવ્યું, માત્ર ભારત દેશ જ આગળ આવ્યો હતો.

સંઘ પ્રમુખનું કહેવું છે કે ધર્મમાં વિશ્વાસ ધરાવતો દેશ ક્યારેય કોઈનો ફાયદો ઉઠાવશે નહીં તથા સાથે રહેવા માટે આપણે એકબીજાનો લાભ લઈએ છીએ, પણ એ પ્રેમનો વ્યવહાર છે. સોદાનો કોઈ વ્યવહાર નથી. ભાગવતે વધુમાં કહ્યું કે ભારત ફાયદો ઉઠાવી રહ્યું છે, કેમ નહીં? પણ જ્યારે આપણો નફો બીજા કોઈને જોઈતા હોય, તો આપણે જે કમાઈએ છીએ તેનાથી અન્ય કોઈ ભૂખ્યું જીવી શકે, તો ભારત આપનાર દેશ છે.

સંગીતથી લોકોને કર્ણપ્રિય બને એવા અદભુત દિવ્ય પ્રયાસો દ્